મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા
ગાંધીનગર તાપમાન

સતત બીજા દિવસે દબાણની ટીમ કાર્યરત : ૯૫ ગલ્લાઓ જપ્ત

દબાણની સાથે ટીમે ૨૭ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કર્યું, આઠ દબાણકર્તાઓ પોતાના ગલ્લા જાતે મુકી ગયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજા દિવસે દબાણ તંત્રની ટીમ સપાટો બોલાવ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક વિસ્તારમાં લારી-ગલ્લા લઈને ઉભા રહેલા દબાણકર્તાઓના લારી ગલ્લા જપ્ત કરી દેવામાં આવ્યા છે. એક સાથે ૬ તંત્રની ટીમે કામગીરી કરતા શહેરમાંથી મોટાભાગનું દબાણ દુર થઈ જવા પામ્યું છે. દબાણ ટીમે વિવિધ ઠેકાણેથી ૯૫ લારી ગલ્લા જપ્ત કર્યા છે. જયારે દબાણ ટીમ અચાનક આવી જતા ગલ્લાધારકો પોતાના ચીજવસ્તુઓ બચાવવા માટે પડાપડી કરતા નજરે પડ્યા હતા. તો કેટલાક ઠેકાણે લારી-ગલ્લાની જપ્તી બાદ દબાણ વિભાગ પર પણ દબાણ લાવવાનો પ્રયાસ કેટલાક દબાણકર્તાઓએ કર્યો હતો, પરંતુ દબાણની ટીમ ટસની મસ થઈ ન હતી. દબાણ તંત્રના સપાટાથી શહેરમાં હડકંપ મચી જવા પામ્યો છે. ત્યારે કેટલાક લારી-ગલ્લા ધારકોએ પોતાના ગલ્લા ખુદ તંત્રએ જણાવ્યું હતું તે સ્થળ પર મુકી ગયા હતા. જયારે ટીમે દબાણની સાથે સાથે ૨૭ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કર્યું છે. શહેરના માર્ગો પરથી તંત્રના ભયથી દબાણકર્તાઓ અદેશ્ય થઈ જવા પામ્યા છે. ત્યારે ચોખ્ખુચણક દબાણમુકત શહેર જોઈને નગરજનો પણ આનંદિત થઈ ઉઠયા હતા. શહેરને દબાણનો અજગરી ભરડો હોવાથી ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થવા પામી હતી. જયારે શહેરમાંથી દબાણ દુર થતા ટ્રાફિકની સમસ્યા મોટાભાગે હલ થઈ જશે. આજે દબાણ ટીમના અધિકારી મહેશ મોડ અને ટીમના સભ્યોએ સેકટર-૧૨, સે-૧૬, ૨૪, એલડીઆરપી સર્કલ, સે-૭ તેમજ મુખ્ય માર્ગો પર ઉભેલા લારી-ગલ્લાઓ જપ્ત કર્યા છે. શહેરમાં લારી-ગલ્લા પર ચા-નાસ્તાની મોજ માણતા નગરજનો પણ આમથી તેમ ફરતા નજરે પડ્યા હતા. ત્યારે દબાણ તંત્રની કામગીરી આગામી દિવસોમાં પણ આ જ પ્રકારની રહે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે. ત્યારે શહેર દબાણ મુકત ના થાય ત્યાં સુધી દબાણની કામગીરી ચાલુ રહેશે તેમ નોડલ ઓફિસર મહેશ મોડે જણાવ્યું છે.

તસ્કર ટોળકીનો સુઘડની સોસાયટીમાં હાથફેરો

મકાન માલિક પરિવાર સાથે વડોદરા ગયા તે અરસામાં મકાનનું તાળું તોડી તસ્કરો રૂ.૩. ૪૦ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા.૮

અડાલજ નજીક આવેલા સુઘડ ગામની સીમમાં એક સોસાયટીમાં તસ્કરો બંધ મકાનને ટાર્ગેટ કરીને હાથફેરો કરી ગયા હોવાની વિગતો બહાર આવવા પામી છે. સબમર્સિબલ પમ્પનો વ્યવસાય સાથે સંકળાયેલા મકાનમાલિક છઠ્ઠી તારીખે પરિવાર સાથે વડોદરા ગયા હતા તે દરમિયાન તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ તેમના મકાનના દરવાજાનું તાળું તોડી અંદર ઘુસીને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૩.૪૦ની મત્તાની ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. આ મામલે અડાલજ પોલીસે મકાનમાલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

સુઘડ ગામની સીમમાં આવેલા સત્યમેવ છાવણી સોસાયટીમાં મકાન નં.એચ.૧૦ ખાતે રહેતા મહેન્દ્રકુમાર બાબુલાલ પટેલ સબમર્સિબલ પમ્પનો વ્યવસાય સાથે સંકળાયેલા છે. મળતી વિગત મુજબ મહેન્દ્રકુમાર પટેલ બે દિવસ અગાઉ છઠ્ઠી તારીખે પોતાના મકાનને તાળું મારીને પરિવાર સાથે વડોદરા ગયા હતા. તેમનું મકાન બંધ હતું તે દરમિયાન તસ્કર ટોળકીએ તેમના મકાનને ટાર્ગેટ કર્યું હતું. તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી તસ્કરો અંદર મકાનમાં ઘુસ્યા હતા અને આખું મકાન ફેંદી નાખ્યું હતું. મકાનમાંથી તેમને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૩.૪૦ લાખની મતા મળી આવી હતી. તમામ મુદ્દામાલની ચોરી કરી આ તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. બીજે દિવસે પોતાના મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાની જાણ મકાનમાલિક મહેન્દ્રકુમારને થતા તેમણે આ સંદર્ભે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી દીધી હતી. પોલીસે મહેન્દ્રકુમાર પટેલની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતની ટીમ બોલાવી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ શરૂ કરી કરોડિયા સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર રોલબોલ એસોસિએશન દ્વારા તાજેતરમાં સેકટર-૮માં સેન્ટ ઝેવિયર્સ ખાતે જિલ્લા કક્ષાની રોલબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૪ કેટેગરીમાં આર.એન. લલિતકલા કેન્દ્ર સંચાલિત મમતા સ્પોર્ટસ સેન્ટરની ટીમે ગર્લ્સ વિભાગમાં દ્વિતિય સ્થાન અને બોયઝ વિભાગમાં બોયઝ ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ બંને ટીમોને આર.એન. લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયા અને રોલબોલ કોચ વસીમ મનસુરીએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સૈરન્ધ્રી કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગરવી ગુજરાત માતૃભાષાના સંવર્ધન પ્રચાર-પ્રસાર અને સાહિત્યમાં રસ કેળવાય તે માટે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજાતી સભા આગામી તા.૧૦મી જુલાઈને મંગળવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ૬૧-૧ ઘ ટાઈપ લગ્નવાડી પાસે સે-૨૩ ખાતે યોજાશે. જેમાં ગાંધીનગર સાહિત્ય સભા અને સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે મહાભારતના વિરાટ પર્વમાં આવતા પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન સૈરન્ધ્રી બનતા દ્રૌપદીના પાત્રના આધારે ચોપાઈ અને દોહરામાં સુબર્ધ વિશિષ્ટ કવિ દૃષ્ટિથી કવિ વિનોદ જોશી દ્વારા રચાયેલા સાત સર્ગના સુગઠીત પ્રબંધ કાવ્ય સૈરન્ધ્રીનો વિનોદ જોષીના સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સાહિત્ય રસિકો-ભાવિકો મહાનુભાવોને સંસ્થાના પ્રવકતા મૂળજી પરમાર દધિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પ્રાઈમસ પર ચા બનાવતા દાઝી ગયેલી મહુન્દ્રાની ૧૮ વર્ષીય યુવતીનુ મૃત્યુ

ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા ગામમાં રહેતી ૧૮ વર્ષીય યુવતી અઠવાડિયા અગાઉ પોતાના ઘરે ચા બનાવી રહી હતી ત્યારે પ્રાઈમસની જાર શરીરે લાગી જતાં ગંભીર રીતે દાઝી ગઈ હતી. એક અઠવાડિયાથી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી આ યુવતીનુ ગઈકાલે સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ હતુ. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ચિલોડા નજીકના મહુન્દ્રા ગામમાં રહેતી ૧૮ વર્ષીય યુવતી કાજલબેન છનાજી ઠાકોર ૩૦ જૂને પોતાના ઘરે પ્રાઈમસ પર ચા બનાવી રહી હતી ત્યારે અચાનક પ્રાઈમસની જાળ શરીરે કપડા પર લાગતા કાજલ ગંભીર રીતે દાઝી ગઈ હતી. કાજલને ગંભીર હાલતમાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જોકે તેની તબિયત અત્યંત નાજુક જણાતાં તેણીને તાત્કાલિક અમદાવાદની વાડીલાલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. વાડીલાલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે રીફર કરવામાં આવેલી કાજલ એક અઠવાડિયાથી ગંભીર હાલતમાં સારવાર હેઠળ દાખલ હતી. ગઈકાલે સાંજે કાજલ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધો હતો અને તેણીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ચિલોડા પોલીસ મથકના જમાદાર અલ્પેશકુમાર અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસેના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન નજીક કેટલાક નબીરાઓએ મોંઘી બાઈકોના હોર્ન સતત વગાડી ધૂમ બાઈકીંગ કરવા સાથે ભયનો માહોલ ખડો કર્યો હતો. આ નબીરાઓ તો તેમનું કામ કરી ત્યાંથી સરકી ચૂકયા પછી તે સ્થળે રાઉન્ડમાં આવેલ પોલીસમાં એક મહિલા પોલીસ અધિકારીએ ગાર્ડન પાસે બેઠેલા નિર્દોષ યુવાનોને 'મારા વિસ્તારમાં આવું ચલાવી નહીં લઉં' જેમ દમદાટી આપી આશ્ચર્ય જન્માવ્યું હતું.

● ગાંધીનગરમાં જુના સચિવાલય ખાતે માહિતિ વિભાગમાં ફરજ બજાવતા પ્રજ્ઞાબેન પટેલને સંયુકત માહિતી નિયામક ગાંધીનગર તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. પ્રજ્ઞાબેન પટેલ માહિતીખાતામાં સેવાઓ આપવા ઉપરાંત જાણીતા સાહિત્યકાર હોવા સથે આત્મન ફાઉન્ડેશનના પ્રણેતા છે જે થકી 'પુસ્તક પરબ'ની પ્રવૃત્તિ પાટનગરમાં ચલાવાય છે.

● ગાંધીનગરની સે-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય પદેથી બચુભાઈ પટેલની વય નિવૃત્તિ થતા શિક્ષિકા ડૉ. ચેતના બુચની આચાર્યા તરીકે પસંદગી કરવામાં આવી છે. ડૉ. ચેતના બુચ શિક્ષિકા હોવા ઉપરાંત શહેરમાં વિવિધ મહિલાલક્ષી પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે અને જયોતિ મહિલા મંડળના પ્રમુખ છે.

કિસાન સમર્પિત જીવન સાથે શંકરદાદાની અનોખી સાહિત્ય સર્જન યાત્રા

પ્રગતિશીલ કિસાન અગ્રણી હોવા સાથે શંકરભાઈ ચૌધરીએ કૃષિ ઉપરાંત સમાજ-ધર્મ-રાષ્ટ્ર આધારિત અટળક પુસ્તકોનું સર્જન કર્યું છે : નોટબંધી પર નાટક લખનાર શંકરદાદાએ ખેડૂતોનું માર્ગદર્શન કરવા શેષ જીવન કિસાનસંઘને સમર્પિત કર્યું છે

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે માતૃભાષાને જીવંત રાખવા અને વાંચન પ્રવૃત્તિને વેગ આપવાના પ્રયાસરૂપે પુસ્તક પરબનું આયોજન કરાય છે. જેમાં નિયમિત પણે એક વયોવૃદ્ધ પરંતુ સ્ફૂર્તિથી ભરપૂર એવા વડીલ શાંતિથી એક તરફ બેસી પોતાને પસંદ પડેલું પુસ્તક લઈને વાંચતા અચૂક જોવા મળે છે. આ વડીલને જોઈ અનેકના મનમાં આશ્ચર્ય સાથે કુતુહલ થાય છે કે આ દાદાને આ ઉંમરે પણ વાંચવાનો ગજબ શોખ છે, પરંતુ ખૂબ ઓછા વ્યકિતઓને એ બાબતની જાણ છે કે એ વડીલે ૪૦થી વધુ પુસ્તકો, અનેક નાટકો, નિબંધો અને લેખો લખ્યા છે જેમાંથી કેટલાક પુસ્તકો પરથી તો સાહિત્યના વિદ્યાર્થીઓ સંશોધન પત્રો પણ તૈયાર કરે છે. આ વડીલને વર્ષ ૨૦૧૭માં સાહિત્ય સેવા રત્ન એવોર્ડથી સન્માનવામાં આવ ચુકયા છે. જો કે સાહિત્ય સર્જન સાથે તેમની ઓળખ એક પ્રગતિશીલ ખેડૂત અગ્રણી તરીકેની પણ છે જેમણે પોતાનું જીવન ૧૯૮૭ થી ભારતીય કિસાન સંઘને સમર્પિત કરી દીધું છે. આ વડીલનું નામ છે શંકરભાઈ ખોડાભાઈ ચૌધરી અને તેઓ ગાંધીનગરના સેકટર-૧૨માં બલરામ ભવન ખાતે રહી ખેડૂતોનું માર્ગદર્શન કરી રહ્યા છે.

પોતાના બાળપણમાં જ માતા-પિતા-ભાઈનું શિર છત્ર ગુમાવનાર શંકરભાઈ ચૌધરી મહેસાણા જિલ્લાના બ્રાહ્મણવાડા ગામના વતની છે અને જયારે તેઓ ધોરણ-૪માં ભણતા હતા ત્યારે મહેસાણાની મૂક બધિર શાળામાં મહાત્મા ગાંધીજીને તેમણે પ્રત્યક્ષ નિહાળ્યા હતા અને તેમની દેશ તથા સમાજસેવાની વાતો સાંભળી પ્રભાવિત થયા હતા. મહેસાણામાં જ શંકરભાઈએ પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ કર્યો અને ત્યારબાદ વીસનગર ખાતેની કોલેજોમાં અર્થશાસ્ત્રમાં ગ્રેજયુએશન કર્યું હતું. અંદાજે બે વર્ષ સુધી શિક્ષક તરીકેની નોકરી કરી પરંતુ ૧૯૫૦માં જયારે 'ખેડે તેની જમીન'નો કાયદો આવતા તેમણે નોકરીમાંથી રાજીનામુ આપી ખેતી તથા પશુપાલનનો વ્યવસાય સ્વીકારી લીધો હતો. આ દરમિયાન તેઓ વરસોડા નિવાસી લૂ. લાલજી મહારાજના સંપર્કમાં આવી તેમના સત્સંગથી પ્રભાવિત થયા હતા અને નિયમિત સત્સંગમાં જવાનું ચાલુ કર્યું હતું. આ દરમિયાન તેમણે પોતાના ગામ બ્રાહ્મણવાડામાં સત્કાર્ય મંડળની સ્થાપના કરી સમાજસેવાના કાર્યો હાથ ધર્યા હતા જે અંતર્ગત ગામમાં બાલમંદિર શરુ કરાવ્યું હતું. આ મંડળને ગ્રામ સુધારણા મંડળનું સ્વરૂપ આપી ગામમાં કેળવણી મંડળના પ્રમુખ બન્યા અને સાર્વજનિક હાઈસ્કૂલને નવી ઊંચાઈ બક્ષી હતી. આ સાથે ગામમાં સેવા સહકારી મંડળીના પ્રમુખ પણ રહ્યા અને બ્રાહ્મણવાડામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરી દૂધમંડળી શરુ કરાવી જેમાં બે વર્ષ સુધી પ્રમુખ તથા મંત્રી પદે સેવાઓ પણ આપી હતી. આ સમયે પણ ખેડૂતોને અનાજના ભાવો અંગે ફરિયાદો હતી અને દૂધના ફેટ આધારિત ભાવની તો સીસ્ટમ હજુ યુગો દૂર હતી ત્યારે તેમને અમેરિકાની ફોર એચ કલબ આયોજિત 'ઑલ વર્લ્ડ કન્વેન્શન ઓફ યુથ ફાર્મર' કાર્યક્રમમાં આમંત્રણ મળ્યું હતું.

અમેરિકા જઈને તેમણે કન્વેન્શનમાં ચારેય સત્રમાં તેમનું વકતવ્ય આપ્યું જેમાં પ્રથમ સત્રમાં જ 'ફોર એચ' એટલે કે 'હેડ, હાર્ટ, હેન્ડ અને હાર્ડવર્ક'ના સિધ્ધાંત સામે ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતી ચતુષ્કોણીય 'ધર્મ-અર્થ-કામ-મોક્ષ' આધારિત થીયરી

રજુ કરીને સૌ કોઈને પ્રભાવિત કરી દીધા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે અનાજ અને દૂધના ભાવ અંગે આંતરરાષ્ટ્રીય નિયમન પધ્ધતિનો પણ અભ્યાસ કર્યો હતો જે અહીંના ખેડૂતો માટે લાભદાયી નિવડયો હતો. 'શંકરદાદા'ના હુલામણા નામથી ઓળખાવા લાગેલા શંકરભાઈએ 'મહેસાણા જિલ્લા કિસાન સ્પેશિયલ ટ્રેન' નામથી બે વખત ટ્રીપ દીઠ ૪૦૦ સાથે કુલ ૮૦૦ જેટલાં ખેડૂતોને રાહત દરે સમગ્ર ભારતવર્ષનું દર્શન કરાવ્યું હતું. તેમણે આ ભારત યાત્રાના અનુભવો અંગે પ્રવાસ વર્ણન પણ લખ્યું હતું. ૧૯૬૪માં તેમને તત્કાલીન કૃષિમંત્રી ઉત્સવ પટેલના હસ્તે યુવા કૃષક સમાજવતી સન્માનવામાં આવ્યા હતા. આ પછી તો તેમણે કૃષિ ક્ષેત્રે સંશોધન માટે જાપાનનો પણ પ્રવાસ કર્યો અને ત્યાંની સ્વયંશિસ્તથી ખૂબ પ્રભાવિત થયાં. સત્સંગી જીવ હોવાના કારણે દરેક સંપ્રદાય જેવા કે રાધા સ્વામી, બ્રહ્માકુમારીઝ, સ્વામિનારાયણ વગેરે સાથે સંકળાયેલા રહ્યા પરંતુ તેમનો પૂ. પાંડુરંગ શાસ્ત્રી પ્રેરિત સ્વાધ્યાય પરિવાર સાથેનો નાતો બંધાયો જે આજ સુધી અકબંધ છે. આ સત્સંગના પ્રભાવે તેમણે 'આપણા સંત રત્નો' પુસ્તક પણ લખ્યું છે અને સ્વાધ્યાયી મિત્રોની ફેકટરીના ઉદઘાટન માટે તેમના આગ્રહથી પૂ. પાંડુરંગ દાદાને પણ મનાવી લઈ આવ્યા હતા. ૧૯૫૫માં મહેમદાવાદમાં વસંત રજબ સેવાદળ અકાદમી અંતર્ગત પંડિત જવાહરલાલ નહેરુ સાથે વાર્તાલાપ કરનાર શંકરદાદા ૧૯૮૭માં પૂ. દત્તોપંત ઠેંગડેજીના સંપર્કમાં આવ્યા અને ત્યારથી તેમણે પોતાનું જીવન ભારતીય કિસાન સંઘને સમર્પિત કરી દીધું છે. કિસાનસંઘ મારફતે તેઓએ સક્રિય ભૂમિકા ભજવતા ખેડૂતોનું માર્ગદર્શન પણ કર્યું અને કિસાનલક્ષી સાહિત્યનું પણ સર્જન કર્યું છે. આ સાથે તેમણે ૧૦૮ શ્લોકની 'શ્રી બલભદ્ર કિસાન ગીતા' લખી ૨૦૧૪માં 'ગ્રામાયણ' નામનું પુસ્તક લખ્યું જેની સાથે 'ગ્રામાયણ' સીડી પણ પ્રકાશિત કરી છે. તેમનું માનવું છે કે રામાયણ પહેલા 'ગ્રામાયણ' સર્જાયું છે.

એક સમયે યુવાનીમાં મહેસાણામાં તમામ જ્ઞાતિઓ માટે 'વિધાતા લગ્ન માહિતી કેન્દ્ર' નામથી વિના મૂલ્યે મેરેજ બ્યુરોની સેવા પુરી પાડનાર શંકરદાદાએ તેમના પોતાના આંજણા સમાજ અંગે પણ અઢળક પુસ્તકો લખ્યા છે. નર્મદા પરિક્રમાનું માર્ગદર્શન પુરું પાડતું પુસ્તક લખવા ઉપરાંત 'કાશી રામાયણ પરિષદ'ની ચાર પરીક્ષાઓ પાસ કરવા સાથે તેમણે રામાયણની ચોપાઈઓની 'અંતકડી' પણ બનાવી છે. સિધ્ધપુરની એક સંસ્થાની સ્પર્ધામાં ભાગ લઈ તાજેતરમાં મહંમદ પયંગબર વિશે નિબંધ લખનાર શંકરદાદાએ લખેલા નાટકોમાં 'નોટબંધી' આધારિત નાટક 'સત્ય જાહેર થાય છે'નો પણ સમાવેશ થાય છે. ચાર પેઢી સુધીનો પોતાન પાંચ પુત્રો અને બે દિકરીઓનો ખેડૂત પરીવાર મુકીને બલરામ ભવનને પોતાનું ઘર બનાવનાર શંકરદાદાને તાજેતરમાં કોબાના શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાંથી રૂ. ૬૦ લાખના પુસ્તકોની ભેટ મળી જેના થકી તેમણે મહેસાણાની અનેક શાળાઓની લાયબ્રેરી સમૃધ્ધ કરવા સાથે આશરે ૧૫ જેટલી શાળાઓમાં 'પુસ્તક પરબ' ચાલુ કરાવી છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

- સ્વ. રાઠોડ હિરાબેન અમરાજી, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર કાજલબેન શનાજી, ઉ.વ. ૨૦
- સ્વ. અમૃતભાઈ નાનુભાઈ કડાદરા, ઉ.વ. ૫૮
- સ્વ. ઠાકોર કાન્તાબેન કેશાજી, ઉ.વ. ૫૮
- સ્વ. મીલાપસિંઘ ગુલાબસિંઘ જોધા, ઉ.વ. ૭૯
- સ્વ. ઠાકોર પૂંજાજી બેચરજી, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર દશરથસિંહ બાલુસિંહ, ઉ.વ. ૫૪